## <u>ગીર ગઢડા ફોજદારી ઈન્ક. નં. ૧૫/૨૦૨૫</u>
## આંક–૦૧ અન્વયે હુકમ

**૧.** આ કામના ફરીયાદી દવારા હાલની અદાલત સમક્ષની કરવામા આવેલ ફરીયાદ અરજી વંચાણે લેતાં, આ અરજી અરજદાર અમીનાબેન દ્વારા બી.એન.એસ.એસ.ની કલમ ૧૭૫(૩) હેઠળ રજૂ કરવામાં આવેલ છે. અરજદારની વિનંતી છે કે સામાવાળા નં. ૧ હરેશભાઈ વાળા અને સામાવાળા નં. ૨ નીલેશભાઈ બી. ચૌહાણ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૭૫(૧), ૭૮ અને ૩પર મુજબનો ગુનો રજીસ્ટર કરી તપાસ હાથ ધરવાનો આદેશ આપવામાં આવે તેવી રજુઆત કરેલ છે.

અરજદારની હાલની અરજી રજુ થતા અત્રેની અદાલત દવારા આંક–૦૧ તળે હાલની ફરીયાદ અત્રે દાખલ કરવામા આવેલ તે અગાઉ પ ો.સ્ટે. ખાતે આપવામા આવેલ હોય જેથી ફરીયાદીએ કરેલ લેખિત ફરીયાદ બી.એન.એસ.એસ. કલમ–૨૩૩ અનવયે સ્ટે કરી તપ ાસ રીપ ોર્ટ મંગાવવામા આવેલ.

**૨.** અરજદારની હાલની અરજીનો મુખ્યત્વે ટુકસાર એવો છે કે, આ કામના અરજદાર/ફરીયાદી–અમીનાબેન દાદાભાઇ મકરાણી–બ્લોચ તા. ૨૦/૦૪/૨૦૨૪ના રોજ દ્રોણ ગામે તેના મામાના ઘરે લગ્ન પ્રસંગે ગયેલ ત્યારે સરીફાબેન, અફસાનાબેન, રૂબીનાબેન અને દિપકભાઈ વલ્લભભાઈ પરમાર દ્વારા તેમની સાથે મારપીટ કરી સોનાની બે વીંટી અને એક તોલાનો સોનાનો ચેઈન કુલ કિંમત રૂ. ૮૦,૦૦૦/– ની લૂંટ કરી, માર મારી તથા જાનથી મારી નાખવાની ધમકી આપ ી એકબીજાને મદદગારી ગુન્હો આચરેલ અને આ બાબતે ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં વારંવાર રજૂઆત કરવા છતાં ફરિયાદ નોંધવામાં આવી ન હતી. આખરે તા. ૨૧/૦૮/૨૦૨૪ના રોજ ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં. ૧૧૧૮૬૦૦૧૨૪૦૬૮૨/૨૦૨૪ થી આઈ.પી.સી. કલમ ૩૯૪, ૨૯૪(બી), ૫૦૬(૨), ૧૧૪ હેઠળ ફરિયાદ(એફ.આઇ.આર.) નોંધાયેલાનુ જણાવેલ છે. વધુમાં એમ પણ જણાવેલ છે કે તથા હાલની અરજી/ફરીયાદના અરજદારનો મુખ્ય આક્ષેપ એ છે કે ઉપરોક્ત લૂંટના કેસની તપાસ દરમિયાન સામાવાળા નં. ૨ (તત્કાલીન પી.આઈ.) અને સામાવાળા નં. ૧ (બીટ જમાદાર) દ્વારા : અરજદારને ફરિયાદ નોંધવા માટે વારંવાર ધક્કા ખવડાવવામાં આવ્યા, અરજદાર સ્ત્રી હોવાના કારણે અપમાનિત કરી, શરીરસંબંધ અંગે બીભત્સ માંગણી કરી, "તું મારી સાથે શરીરસંબંધ રાખ તો ફરિયાદ લઈ લઈશ, નહીં તો ક્યારેય લઈશ નહીં જેવી શરત મૂકી, અરજદારના ઘર સુધી કેશોદ આવી, હાથ પકડી, હોઠ ઉપર હાથ ફેરવી અને "હું તારા પ્રેમમાં ગાંડો છું, નહીં મળીશ તો તને મારી

નાખીશ" જેવી ધમકી આપી, અજાણ્યા માણસો મોકલી પીછો કરાવ્યો અને વેરાવળ બસ સ્ટેન્ડ પાસે સોમનાથ હોટલમાં બોલાવવાની કોશિશ કરી, અરજદાર તથા સાક્ષીઓને ધમકાવી અને ખોટા નિવેદનો નોંધાવવાના પ્રયાસો કરવામા આવેલાનો આક્ષેપ/ફરીયાદ કરવામા આવેલ છે.

વધુમા, સદર બાબતે ફરીયાદી/અરજદારે એસ.પી. ગીર સોમનાથ અને મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરેલાનુ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૮૮૫૦/૨૦૨૫માં તા. ૩૧/૦૭/૨૦૨૫ના હુકમથી ચાર અઠવાડિયામાં તપાસ કરી કાર્યવાહી કરવા નામદાર ગુજરાત હાઇકોટ દવારા આદેશ આપેલ હોવાનુ અને તે અનુસંધાને ડી.વાય.એસ.પી., ઉના દવારા તા. ૨૩/૦૮/૨૦૨૫ના રોજ અહેવાલ આપી "કોઈ ગુનો બનતો નથી" તેવો અભિપ્રાય આપેલ હોવાનુ અને આમ અરજદાર તરફે ઉપરોકત અહેવાલને પક્ષપાતી, સાક્ષીઓને ધમકાવી ખોટા નિવેદનો નોંધાવેલ હોય અને પોલીસ દવારા આરોપીઓને છાવરમા આવેલ હોવાનું જણાવી હાલની આ ફરીયાદ/અરજી કરેલ હોવાનુ જણાવવામા આવેલ છે.

**૩.** અરજી, તેની સાથે જોડેલા દસ્તાવેજી પુરાવાઓ, અરજદારની સોગંદ ઉપરની જુબાની, સાક્ષીઓના સોગંદનામા તથા લેખિત દલીલોનો વિસ્તૃત અભ્યાસ તથા ડી.વાય.એસ.પી., ઉના દવારા રજુ રાખવામા આવેલ આંક–૦૮ વાળો અહેવાલ પણ વંચાણે લેવામા આવેલ છે.

**૪.** હવે, ઉપરોકત સમગ્ર ચચા બાદ, એ હકિકત હાલના તબકકે પ્રથમદશર્નીય જણાઇ આવેલ છે કે, અરજદારે મૂળ લૂંટની ફરિયાદ વારંવાર આપવા છતાં નોંધાયેલ ન હતી અને આખરે ઉચ્ચ અધિકારીઓ તથા નામદાર ગુજરાત વડી અદાલતના હસ્તક્ષેપ બાદ જ નોંધાયેલ. આ હકીકત પોતે જ તપાસ અધિકારીઓના વર્તન અંગે શંકા ઊભી કરે છે. વધુમાં આ કામે જે બે સ્વતંત્ર સાક્ષીઓ-રસીકભાઈ અને જીતેન્દ્રભાઈના સોગંદનામા રજુ કરવામાં આવેલ છે તેના દવારા અરજદારના આક્ષેપોને સીધું સમર્થન મળે છે. સદર પોલીસ કર્મીઓ નથી અને તેમના નિવેદનોમાં વિશિષ્ટ ઘટનાઓ પણ સ્પષ્ટપણે વર્ણવેલ છે. વધુમાં, ડી.વાય.એસ.પી., ઉનાના અહેવાલમાં આ સાક્ષીઓના નિવેદનોને નકારી કાઢતી વખતે તેમને ધમકાવી ખોટા નિવેદનો નોંધાવ્યાની અરજદાર અને સાક્ષીઓની પણ ફરિયાદ છે ત્યારે આવી પરિસ્થિતિમાં તપાસ અહેવાલને અંતિમ અને નિર્ણાયક માની શકાય નહીં. વધુમાં, અરજદાર એક તલાકસુદા સ્ત્રી છે જે એકલી રહે છે. પોલીસ અધિકારી દ્વારા તપાસના કામે "શરીરસંબંધની શરત" મૂકવી, ઘરે આવી હાથ પકડી હોઠ ઉપર હાથ ફેરવવો, પીછો કરાવવો અને ધમકી આપવી – આ તમામ આક્ષેપો

જો સાચા હોય તો બી.એન.એસ. કલમ ૭૫(૧), ૭૮ તથા ૩૫૨ હેઠળના ગુનાઓની પ્રાથમિક રચના થતી હોવાનુ પ્્રથમદર્શનીય જણાઇ આવે છે.

**૫.** વધુમાં, બી.એન.એસ.એસ. કલમ–૧૭૫(૩) સ્પષ્ટપણે જોગવાઈ કરે છે કે મેજીસ્ટ્રેટ, જો તેને એવું લાગે કે કોગ્નિઝેબલ ગુનો બનેલો છે તો પોલીસને તપાસ કરવાનો આદેશ આપી શકે. સદર જોગવાઇ સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટ દવરા **<u>લલિતા કુમારી વિ. ગવર્નમેન્ટ ઓફ યુ.પી. (૨૦૧૪) ૨ એસસીસી ૧</u>** માં સ્પષ્ટ જણાવેલ છે કે, કોગ્નિઝેબલ ગુનાની માહિતી મળે તો એફ.આઈ.આર. નોંધવી ફરજિયાત છે અને પ્રાથમિક તપાસ માત્ર મર્યાદિત કેસોમાં જ થઈ શકે. આ ઉપરાંત, **<u>સ્ટેટ ઓફ હરિયાણા વિ. ભજન લાલ (૧૯૯૨ સપ્લિ. ૧ એસસીસી ૩૩૫)</u>** માં પણ નામદાર સર્વોચ્ચ અદાલત દવારા ઠરાવેલ છે કે, જો અરજીમાંથી કોગ્નિઝેબલ ગુનો પ્રથમ દૃષ્ટિએ જણાય તો મેજીસ્ટ્રેટે તપાસનો આદેશ આપવો જોઈએ. વધુમાં, પોલીસ અધિકારી દ્વારા તપાસના કામે જાતીય માંગણી કરવી એ સત્તાના ગંભીર દુરુપયોગનો કેસ છે. આવા કેસોમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ જરૂરી છે.

**૬.** ઉપરોક્ત તમામ હકીકતો, પુરાવાઓ અને કાનૂની જોગવાઈઓને ધ્યાને લેતા આ કોર્ટનું સ્પષ્ટ મંતવ્ય છે કે અરજદાર/ફરીયાદીની ફરીયાદ અરજીમાંથી આ કામના આરોપ્ીઓ વિરૂધ્ધ બી.એન.એસ. કલમ–૭૫(૧),૭૮ તથા ૩૫૨ હેઠળના કોગ્નિઝેબલ ગુનાઓની પ્રાથમિક રચના થાય છે. ડી.વાય.એસ.પી.નો અહેવાલ પક્ષપાતી હોવાની ગંભીર શંકા હોવાથી અને સામાવાળાઓ પોતે જ પોલીસ કર્મીઓ હોવાથી રજુ રખાયેલ રીપ્ોર્ટ ગ્રાહય રાખવાપ્ાત્ર જણાઈ આવતો નથી તથા તે તમામ સંજોગોમા ફરીયાદમા જણાવેલ કલમો મુજબનો ગુન્હો બનતો હોવાનુ પ્્રથમદશર્નીય માલુમ પડતુ હોય ફરીયાદીની હાલની આ ફરીયાદ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

ફરીયાદી/અરજદારની હાલની આ ફરીયાદ અરજી બી.એન.એસ.એસ. કલમ–૨૨૭ ની જોગવાઇઓને આધિન મંજુર કરી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામા આવે છે.

આ કામની ફરીયાદમા જણાવેલ આરોપ્ીઓ વિરૂધ્ધ બી.એન.એસ. કલમ–૭૫(૧), ૭૮ તથા ૩૫૨ મુજબના ગુન્હા સબબ મુદત તારીખ : ૧૪.૦૯.૨૦૨૬ ના રોજ હાજર રહેવા અંગે સમંસ ઇસ્યુ કરવાનો હુકમ કરવામા

આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૮, માહે : ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગીરગઢડા.
તારીખ : ૧૦.૦૮.૨૦૨૬.

**(એચ.એમ.વૈષ્ણવ)**
જયુ.મેજી.ફ.ક.,ગીરગઢડા